પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૯૧ | ૧૦ જુન, ૨૦૧૮, રવિવાર; અ. જેઠ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**તેજપ્રતાપ યાદવ પાર્ટીથી નારાજ**

લાલુપ્રસાદ યાદવના મોટા દીકરા તેજપ્રતાપ યાદવે પાર્ટીની હાલત પર નારાજગી વ્યક્ત કરી છે અને કાર્યવાહીની માંગ કરી છે.

**ગેંગસ્ટર રાજેશ ભારતીનું એન્કાઉન્ટર**

દિલ્હીના છતરપુર વિસ્તારમાં પોલીસ અને ગેંગસ્ટર રાજેશ ભારતી વચ્ચે થયેલી ઝડપમાં દિલ્હી પોલીસે રાજેશ ભારતી સહિત ૪ બદમાશોને ઢેર કર્યા હતા. ૬ પોલીસકર્મી પણ ઘાયલ થયા છે.

**તાલીબાન સીઝફાયર માટે રાજી**

અફઘાનિસ્તાનના આતંકી સંગઠન તાલીબાને ઈદને ધ્યાનમાં રાખીને સંઘર્ષ વિરામનો પ્રસ્તાવ સ્વીકાર્યો છે. આતંકી સંગઠન ત્રણ દિવસના સંઘર્ષ વિરામ માટે રાજી થયા છે.

**બિહારમાં તમાકુ પ્રતિબંધનો પ્રસ્તાવ**

બિહારમાં દારૂબંધી બાદ નીતિશકુમારની સરકાર તમાકુ પર પ્રતિબંધની તૈયારી કરી રહી છે. બિહારના આરોગ્ય મુખ્ય સચિવે આ બાબતની પુષ્ટી કરી છે.

**પટણાના ગેસ ગોડાઉનમાં ભીષણ આગ**

પટણા સિટીના માલસલામી સ્થિત પોલીસ સ્ટેશનની ચેકપોસ્ટ નજીક આવેલ ગેસ સિલિન્ડરના એક ગોડાઉનમાં ભીષણ આગ લાગતાં શ્રેણીબદ્ધ બ્લાસ્ટ થયા હતા, જેમાં એક પછી એક ગેસના સિલિન્ડરો ફાટવા લાગતાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

# મુંબઈ ધોધમાર વરસાદથી પાણી-પાણી

**હિન્દમાતા, માટુંગા, કુરલા, દાદરમાં જળબંબાકારની સ્થિતિ : મુંબઈ અને થાણે જેવા મહારાષ્ટ્રના વિસ્તારોમાં મોનસૂન પહોંચવાની સત્તાવાર જાહેરાત થઈ : લોકલ ટ્રેન સેવા-વિમાની સેવાને પ્રતિકુળ અસર : ચારેબાજુ પાણી ભરાયા : એનડીઆરએફની ત્રણ ટીમોને શહેરના ત્રણ અલગ અલગ વિસ્તાર પરેલ, માનખુર્દ અને અંધેરી સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે તેનાત કરવામાં આવી**



મુંબઈ,તા. ૯

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં શુક્રવારના દિવસે થોડીક રાહત રહ્યા બાદ આજે શનિવારના દિવસે ફરી એકવાર ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. મુંબઈના મોટાભાગના વિસ્તારો ઉપરાંત મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ ભારે વરસાદ થયો હતો. જેના કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. રત્નાગીરી, હિંગોલી જેવા વિસ્તારમાં પણ ભારે વરસાદ થયો છે. મુંબઈમાં હજુ પણ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. મુંબઈ અને કોકણ ઉપરાંત અન્ય વિસ્તારોમાં પણ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી હતી. ભારે વરસાદના કારણે અનેક

● અનુસંધાન પાન-૭ પર

# મહારાષ્ટ્ર ચૂંટણી માટે ૧૫૨ બેઠકની ઉદ્ધવ દ્વારા માંગણી

**મુખ્યમંત્રી પદ મેળવવા માટે પણ શિવસેના ઈચ્છુક : ભાજપ શિવસેનાની માંગણીને સ્વીકારે તેવી શક્યતા ખૂબ ઓછી**

મુંબઈ, તા.૯

ભાજપની સાથે પોતાના સંબંધોમાં ઉતાર ચઢાવની સ્થિતિ વચ્ચે શિવસેનાએ આગામી વિધાનસભાની ચૂંટણી માટે ૧૫૨ સીટો ઉપર લડવાની વાત કરી છે. શિવસેના ઈચ્છે છે કે ૨૮૮ સીટો પૈકી તે ૧૩૬ સીટો જ ભાજપ માટે છોડે. જેથી વધુમાં વધુ સીટો જીતી શકે અને મુખ્યમંત્રી પદ માટે દાવો કરી શકે. રાજકીય નિષ્ણાતોના કહેવા મુજબ શિવસેનાનું આ પગલું ઉદ્ધવ ઠાકરેની એવી યોજના હિસ્સા તરીકે છે જે હેઠળ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદ મેળવવાની તેમની ઈચ્છા છે. અલબત્ત ભાજપની યોજના માતોશ્રીને પ્રથમ

● અનુસંધાન પાન-૭ પર







**રક્તદાન - મહાદાન**

## સેનાના વાહનને સલામી આપી સન્માન આપવા ટોલ કર્મીઓને નિર્દેશ

બરેલી,તા.૯

બરેલી અને મુરાદાબાદ જિલ્લામાંથી પસાર થતા રાષ્ટ્રીય રાજમાર્ગ-૨૪ના બે ટોલ બૂથ પર કાર્યરત કર્મચારીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે કે, તેઓ ત્યાંથી પસાર થતા સૈનિકોના વાહનને સલામી અપી તેમનું સન્માન કરે. વધુમાં જણાવવામાં આવ્યું છે કે, સેનાના જવાનો અને ગાડીના ડ્રાઈવરોને પાણી અથવા અન્ય કોઈ મદદની જરુર હોય તો તે અંગે પણ જરુરી મદદ કરવા જણાવવામાં આવ્યું છે.આપને જણાવી દઈએ કે, આ ટોલ પ્લાઝાની દેખરેખ મુરાદાબાદ-બરેલી એક્સપ્રેસ વે લિમિટેડ દ્વારા કરવામાં આવે છે. સ્મ્ઈન્ના જનરલ મેનેજર વૈભવ શર્માએ જણાવ્યું છે કે, તેમણે આ પ્રકારની શરુઆત સેનાના જવાનોને સન્માન આપવા માટે કરી છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સૂત્રોના જણાવ્યા મુજબ સેનાના જવાનોએ ફરિયાદ કરી હતી કે, ટોલ કાર્મચારીઓ માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયના આદેશોનું પાલન કરતા નથી અને એવી પણ ફરિયાદ કરી હતી કે, સરકારી વાહન લઈ જવામાં પણ સેનાના જવાનોને ટોલ ટેક્ષમાં જરુરી છૂટ આપવામાં આવતી નથી.













